

ફિલિપાઈન્સમાં ગાલા ડીનરમાં મોદીએ પરંપરાગત ફિલિપિન પોષાક પહેર્યો

આસિયાન સમિટમાં ભાગ લેવા પહોંચેલા મોદીને ભારતીય સમુદાયે ઉત્સાહથી આવકાર્યા

મનીલા, તા. ૧૬ઃ સોમવારે મનીલામાં ફિલિપાઈન્સના પ્રમુખ ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયર દ્વારા આયોજિત ગાલા ડિનરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફિલિપાઈન્સનો પરંપરાગત ઔપચારિક પોશાક 'બારોંગ ટાગાલોગ' પહેરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. 49મી આસિયાન સમિટમાં ભાગ લેવા આવેલા વિશ્વના અન્ય નેતાઓ અને મહેમાનો સાથે તેઓ આ ડિનરમાં જોડાયા હતા.

ફિલિપાઈન ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત આ ડિનરમાં મોદીએ ફિલિપાઈન્સનો પરંપરાગત શર્ટ પહેર્યો હતો, જ્યાં રાષ્ટ્રપતિ માર્કોસ પણ આવા જ પોશાકમાં જોવા મળ્યા હતા. આ કાર્યક્રમ સમિટની પ્રથમ સાંજનું પ્રતીક હતો. બારોંગ ટાગાલોગ (જેને ટૂંકમાં બારોંગ પણ કહેવાય છે) એ ફિલિપાઈન્સનો રાષ્ટ્રીય પોશાક છે. તે એક હળવો, ઔપચારિક પોશાક છે જે પરંપરાગત રીતે અંડરશર્ટ ઉપર ટક-ઈન કર્યા વગર પહેરવામાં આવે છે. તે સામાન્ય રીતે પિના (અનાનસના પાંદડાના રેસા), અબાકા(એક પ્રકારની કેળના રેસા) અથવા સિનામે(રેશમ અને અબાકાનું મિશ્રણ) જેવા કુદરતી રેસામાંથી બનાવવામાં આવે છે, જે તેને નાજુક, અર્ધપારદર્શક બનાવે છે અને તેના આગળના ભાગમાં ઝીણવટભર્યું ભરતકામ હોય છે. ફિલિપાઈન્સની મુલાકાતે આવતા વિશ્વના નેતાઓ સાંસ્કૃતિક સન્માન અને મિત્રતાના પ્રતીક રૂપે સત્તાવાર સ્ટેટ ડિનર અથવા સમિટ દરમિયાન ઘણીવાર બારોંગ પહેરે છે-જેવી રીતે ઈન્ડોનેશિયા કે મલેશિયામાં યોજાતી આસિયાન સમિટમાં નેતાઓ બાટિક પહેરે છે. ગાલા ડીનરમાં ફિલિપિન સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ થયા હતા. મોદી અહીં ૨૩મી આસિયાન સમિટ અને ૨૧મી ઈસ્ટ એશિયા સમિટમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા. તેમને અહીંના ભારતીય સમુદાયે આવકાર્યા હતા અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કર્યા હતા.

પ્રિન્સ વિલિયમ અને કેથરીન મુંબઈના પ્રવાસે





સચિન સાથે ગલી ક્રિકેટ રમી વડના ઝાડ નીચે કુલડીમાં ચા પીધી

10 વર્ષ બાદ બીજી ભારત મુલાકાતે આવેલા શાહી દંપતીએ મેટ્રોમાં મુસાફરી કરી, 18 નવેમ્બરે વડા પ્રધાન મોદીને મળશે

મુંબઈ, તા. 16 (પીટીઆઈ): બ્રિટનના પ્રિન્સ વિલિયમ અને પ્રિન્સેસ કેથરીને સોમવારે તેમની ભારત મુલાકાતના પ્રથમ દિવસે શાહી ઠાઠમાઠ છોડીને મુંબઈની સ્ટ્રીટ લાઈફનો ભરપૂર આનંદ માણ્યો હતો. શાહી દંપતીએ શાળાની વિદ્યાર્થિનીઓ અને મહાન ક્રિકેટર સચિન તેંડુલકર સાથે ગલી ક્રિકેટ રમ્યું હતું, માટીની કુલડીમાં કટિંગ ચાની ચૂસકી લીધી હતી અને મેટ્રો ટ્રેનની મુસાફરી પણ કરી હતી.

મુંબઈ આગમન બાદ તેમના પ્રથમ કાર્યક્રમમાં પરંપરાગત ઢોલ-તાશા સાથે પ્રિન્સ અને પ્રિન્સેસ ઓફ વેલ્સનું ભવ્ય સ્વાગત કરાયું હતું. બેલાર્ડ એસ્ટેટના એન મોરારજી રોડ પર આયોજિત અનૌપચારિક ગલી ક્રિકેટ મેચમાં સફેદ શર્ટ, નેવી બ્લુ વેસ્ટકોટ અને કાળા ટ્રાઉઝરમાં સજ્જ પ્રિન્સ વિલિયમે પાંચ બોલ રમ્યા હતા અને પાંચમા બોલે બોલ્ડ થયા હતા. ત્યારબાદ તેમણે બોલિંગમાં પણ હાથ અજમાવ્યો હતો અને સચિન તેંડુલકરની વિકેટ ઝડપી હતી. સફેદ ટોપ, ટ્રાઉઝર અને આછા લીલા જેકેટમાં આવેલા પ્રિન્સેસ કેથરીને પણ લગભગ બે ઓવર બેટિંગ કરી હતી, જેમાં આઠમા બોલે પ્રિન્સ વિલિયમે જ તેમને આઉટ કર્યા હતા. સચિન તેંડુલકરે યાદ કર્યું કે અગાઉ તેઓ ઓવલ મેદાન પર સાથે રમ્યા હતા, જ્યારે આ વખતે ગલી ક્રિકેટની મજા માણી. મેચ બાદ શાહી દંપતી અને સચિને એક વિશાળ વડના ઝાડ નીચે આવેલી ટપરી પર માટીની કુલડીમાં કટિંગ ચા પીધી હતી. ચા વિક્રેતા મનોજ ઠાકુરે ખુશી વ્યક્ત કરતા કહ્યું કે પ્રિન્સેસ કેથરીને ચાના વખાણ કરતા તેને અદ્ભુત ગણાવી હતી.

સોનિયાની સંસ્મરણિકાના વિમોચન સમારંભમાં વરિષ્ઠ નેતાઓ હાજર

ઇન્ડિયા ગઠબંધનના પક્ષોના વરિષ્ઠ નેતાઓ, વિજય સહિત ચાર રાજ્યોના મુખ્યમંત્રીઓ, ભાજપ નેતા અમરિંદર સિંઘ પણ હાજર

પુસ્તક ખરીદવા બુકસ્ટોલો પર લોકોની લાઇન, ઓનલાઇન ઓર્ડર પણ શરૂ થઇ ગયા



નવી દિલ્હી, તા. ૧૬(પીટીઆઈ): સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને TMCના અભિષેક બેનર્જી સહિત INDIA ગઠબંધનના ઘણા નેતાઓ, તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજય અને ભાજપના નેતા અમરિંદર સિંહ સોમવારે અહીં કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીના સંસ્મરણ પુસ્તકના વિમોચન સમારોહમાં હાજર રહ્યા હતા. હાર્પરકોલિન્સ ઇન્ડિયા દ્વારા પ્રકાશિત 'બિલોંગિંગઃ અ જર્ની ઓફ લવ' ગયા મંગળવારે વાયકોના ભારે ઉત્સાહ વચ્ચે બહાર પાડવામાં આવ્યું હતું, જેની નકલો ખરીદવા માટે વાચકો જાણીતા બુકસ્ટોર્સ પર લાઇન લગાવી રહ્યા છે, જ્યારે ઘણા લોકો તેને ઓનલાઇન ઓર્ડર કરી રહ્યા છે. આઇટીસી મૌર્ય ખાતે આયોજિત સત્તાવાર વિમોચન સમારોહમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને AICC મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા ઉપસ્થિત રહ્યા હતા. વિજય, અખિલેશ યાદવ અને બેનર્જી ઉપરાંત ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન, જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, નેશનલ કોન્ફરન્સના વડા ફારૂક અબ્દુલ્લા, NCP(SP) નેતા સુપ્રિયા સુલે, ભાજપના નેતા અને પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહ, કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ ડી. કે. શિવકુમાર(કર્ણાટક) અને સુખવિંદર સિંહ સુખુ(હિમાચલ પ્રદેશ) સહિત કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓ પણ આ વિમોચન કાર્યક્રમમાં સામેલ થયા હતા.

પુટિન અને જિનપિંગ સાથે મહત્વની અણુ-મંત્રણા કરશે

ટ્રમ્પ આજથી એશિયાના પ્રવાસે

ફિલિપાઇન્સ અને ચીન સાથે કેટલાક મહત્વના આર્થિક કરારો કરે તેવી પણ શક્યતા

ટ્રમ્પ ઉત્તર કોરિયન નેતા કિમ જોંગને પણ મળે તેવી વકી, ઝી, પુટિન, ટ્રમ્પની પ્રથમ ત્રિપક્ષીય મંત્રણાને ચીન ઐતિહાસિક સીમાચિન્હ ગણાવે છે

પુટિન, ઝી સાથે યુક્રેનના મુદ્દે પણ ચર્ચા કરશે

વોશિંગ્ટન, તા. ૧૬(AP): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સોમવારે એશિયા જવા માટે રવાના થવાની તૈયારી કરી રહ્યા હતા. વોશિંગ્ટનમાં બદલાયેલી નવી રાજકીય વાસ્તવિકતા વચ્ચે તેમનું વહીવટીતંત્ર સંતુલન સાધી રહ્યું છે, ત્યારે ટ્રમ્પ હવે આર્થિક કરારો અને રશિયા તથા ચીન સાથેની ઐતિહાસિક ત્રિપક્ષીય પરમાણુ વાટાઘાટો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

હંમેશા જાહેરમાં સક્રિય રહેતા પ્રમુખ ટ્રમ્પ છેલ્લા કેટલાક દિવસોથી જાહેર નજરથી ઘણા અંશે દૂર રહ્યા હતા-ત્યારે પણ જ્યારે દેશવ્યાપી 'ગ્રાઉન્ડ સ્ટોપ'ને કારણે હવાઈ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો અને આ પરિસ્થિતિને સંભાળવા બાબતે વહીવટીતંત્રને આકરા સવાલોનો સામનો કરવો પડ્યો હતો. તેમનો એશિયા પ્રવાસ ફિલિપાઇન્સના મનીલાથી શરૂ થશે અને ત્યારબાદ તેઓ ચીનના ટેક હબ શેનઝેન જશે. આ પ્રવાસ ટ્રમ્પને તેમની ઘરેલુ મુશ્કેલીઓ-જેમાં હવાઈ મુસાફરીની સમસ્યાઓ અને નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણીના પરિણામોનો સમાવેશ થાય છે-પરથી ધ્યાન હટાવીને વાતાવરણ બદલવાની તક આપે છે. નોંધનીય છે કે આ ચૂંટણીમાં તેમના પક્ષે સંસદના બંને ગૃહો ગુમાવ્યા છે. ટેક જાયન્ટ અને ચિપમેકર કંપની 'એનવિડિયા'ને લગતો વિવાદ પણ ટ્રમ્પની ચીન મુલાકાત પર છવાયેલો રહે તે નિશ્ચિત છે. વ્હાઇટ હાઉસે જણાવ્યું કે મનીલામાં રોકાણ દરમિયાન ટ્રમ્પ થાઈલેન્ડ સાથે વેપાર કરાર પર હસ્તાક્ષર કરવાની યોજના ધરાવે છે.

પુસ્તક વિમોચનના સમારંભમાં સોનિયા રડી પડ્યા, પ્રિયંકાએ છાના રાખ્યા

રાજીવના અવસાન પછી હું તૂટી ગઇ હતી ત્યારે રાહુલ-પ્રિયંકાએ જાણે માતા-પિતા બનીને મને સંભાળી

નવી દિલ્હી, તા. ૧૬ઃ સોનિયા ગાંધીનું પુસ્તક 'બિલોંગિંગઃ અ જર્ની ઓફ લવ' સોમવારે દિલ્હીમાં લોન્ચ કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં સોનિયાના જીવન પર એક શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી, જે જોઈને તેઓ ભાવુક થઈ ગયાં હતાં. આ દરમિયાન તેમણે કહ્યું કે, "જ્યારે રાજીવ ગાંધી ન રહ્યા ત્યારે હું તૂટી ગઈ હતી. રાહુલ-પ્રિયંકાએ મને સંભાળી, તેઓ જ મારાં માતા-પિતા બની ગયાં હતાં." ભાવુક થઈને રડવા લાગેલા સોનિયાને પ્રિયંકાએ ગળે લગાડ્યા હતા. સોનિયા ગાંધીએ કહ્યું કે હું અંતર્મુખી હતી, પરંતુ રાહુલ-પ્રિયંકાના કારણે પુસ્તક લખ્યું સોનિયાએ પોતાના રોમાન્સને 'જાદુઈ' ગણાવ્યો. તેમણે કહ્યું કે તેમને કેમ્બ્રિજમાં થયેલી તેમની પહેલી મુલાકાત, રાજીવના ભારત પરત ફરવા અને પોતે ઇટલી પાછા જવા દરમિયાન થયેલા વિરહ તથા તે સમયગાળામાં એકબીજાને લખેલા પત્રોની યાદો આજે પણ ખૂબ વહાલી લાગે છે. વધુમાં કહ્યું કે હું ઇન્દિરા ગાંધીથી ખૂબ ડરતી હતી.

તમે તે ખુરશી પર બેસવાને લાયક નથી: વકીલે CJI પર કરી અભદ્ર ટિપ્પણી

સુરક્ષાકર્મીઓએ વકીલને કોર્ટરૂમની બહાર કાઢ્યો, કાર્યવાહીનું લાઇવ પ્રસારણ બંધ કરાયું

કોર્ટના તિરસ્કારના કેસમાં તાત્કાલિક સુનાવણી ન મળતા વકીલ ઉશ્કેરાયો

નવી દિલ્હી, તા. 16: સુપ્રીમ કોર્ટમાં સોમવારે એક વકીલે તાત્કાલિક સુનાવણીની માગ કરતા ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંત પર વ્યક્તિગત ટિપ્પણી કરતા ભારે હોબાળો મચ્યો હતો. આ ઘટના બાદ સુપ્રીમ કોર્ટે કાર્યવાહીનું ઓડિયો અને વીડિયો પ્રસારણ બંધ કરી દીધું હતું અને વકીલને કોર્ટરૂમની બહાર કાઢી મૂકવામાં આવ્યો હતો.

બપોરે લગભગ 2 વાગ્યે વકીલ જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહના સહિતની બેન્ચ સમક્ષ પહોંચ્યો હતો. તેણે સામાન્ય પ્રક્રિયાની બહાર જઈને મામલો ઉઠાવવા બદલ માફી માગી હતી અને જણાવ્યું હતું કે તેણે 2 નવેમ્બરે ચીફ જસ્ટિસની કચેરીમાં દસ્તાવેજો જમા કરાવ્યા હતા, જેનો હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. આ મામલો તેની સામેના કોર્ટના તિરસ્કારના કેસ સાથે સંબંધિત હોવાનું જણાય છે.

વકીલે તાત્કાલિક સુનાવણીનો આગ્રહ કર્યો હતો ત્યારે ચીફ જસ્ટિસે તેને થોડી રાહ જોવા કહ્યું હતું. જોકે, રાહ જોવાને બદલે વકીલ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે કહ્યું હતું કે તમે તે ખુરશી પર બેસવાને લાયક નથી, તમારામાં તે માટેની પ્રામાણિકતા નથી. આ ટિપ્પણી બાદ લાઇવ ફીડ બંધ કરીને સુરક્ષાકર્મીઓ દ્વારા તેને બહાર લઈ જવાયો હતો.

ઉલ્લેખનીય છે કે જુલાઈ મહિના પછી ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને અન્ય જસ્ટિસો પર અભદ્ર ટિપ્પણી કરવાની આ બીજી ઘટના છે. અગાઉ જુલાઈમાં પ્રબલ પ્રતાપ નામના વ્યક્તિએ સુનાવણીમાં ખલેલ પહોંચાડી અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. ઉપરાંત, ઓક્ટોબર 2025માં વકીલ રાકેશ કિશોરે તત્કાલીન ચીફ જસ્ટિસ બી.આર. ગવઈ પર જૂતું ફેંકવાનો પ્રયાસ કર્યો હતો.

પશ્ચિમ એશિયામાં ત્રીજું અમેરિકન વિમાન વાહક જહાજ પહોંચ્યું

ટ્રમ્પે તમામ વિકલ્પો ખુલ્લા રાખ્યા છે ત્યારે પાંચ હજાર જેટલા સૈનિકોને લઇને આ જહાજ આવી પહોંચ્યું

વોશિંગ્ટન, તા. ૧૬ઃ અમેરિકી લશ્કરનું જહાજ યુએસએસ થિયોડોર રૂઝવેલ્ટ મધ્ય પૂર્વમાં પહોંચી ગયું છે, જેના કારણે મધ્ય પૂર્વમાં અમેરિકન વિમાનવાહક જહાજોની કુલ સંખ્યા ફરી એકવાર ત્રણ થઈ ગઈ છે, જે અસામાન્ય રીતે ઘણી મોટી સંખ્યા છે.

સંવેદનશીલ સૈન્ય કામગીરી અંગે ચર્ચા કરવા માટે નામ ન આપવાની શરતે વાત કરતા એક અમેરિકન અધિકારીએ સોમવારે આ વિસ્તારમાં આ કેરિયરના આગમનની પુષ્ટિ કરી હતી. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૮ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા ઈરાન યુદ્ધ દરમિયાન પોતાના વિકલ્પો ખુલ્લા રાખ્યા હોવાથી, આ જહાજ મધ્ય પૂર્વમાં અંદાજે પાંચ હજાર વધારાના સૈનિકોને લઈને આવ્યું છે. રૂઝવેલ્ટ તેના સહાયક સ્ટ્રાઈક ફોર્સ સાથે સપ્ટેમ્બરમાં સાન ડિએગોથી રવાના થયું હતું.

135 વર્ષ જૂની લાઇબ્રેરીને ખસેડવા મામલે સુપ્રીમ કોર્ટની કેન્દ્ર સરકારને લપડાક

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત દિલ્હીની 135 વર્ષ જૂની અને 8.5 લાખ પુસ્તકો ધરાવતી સેન્ટ્રલ સેક્રેટરીએટ લાઇબ્રેરીને ખસેડવાની પ્રક્રિયા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે.

જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ સંજીવ સચદેવાની બેન્ચે કેન્દ્ર સરકારની કામગીરી સામે સવાલ ઉઠાવતા ટકોર કરી હતી કે સરકાર આ ઐતિહાસિક વિરાસત પ્રત્યે અસંવેદનશીલ અભિગમ અપનાવી રહી છે અને પુસ્તકોને ફેંકી રહી હોય તેમ ઉતાવળ કરી રહી છે.

સુપ્રીમ કોર્ટે કડક શબ્દોમાં અવલોકન કર્યું કે જો સરકાર આ પુસ્તકોની કિંમત ન સમજતી હોય તો તે અન્ય દેશને સોંપી દેવા જોઈએ, પરંતુ આ પુસ્તકોને પૂરતું સન્માન મળવું જ જોઈએ.

પેજ 3

શરદ કપૂરને તબીબી મદદ માટે અમિતાભ, સલમાન, સોનુ સૂદ આગળ આવ્યા

સોનુ સૂદે મુંબઈમાં રૂબરૂ મુલાકાત લઈ સારવાર માટે મદદની ખાતરી આપી



મુંબઈ, તા. 16: અભિનેતા સોનુ સૂદે સોમવારે 'જોશ' ફિલ્મના અભિનેતા શરદ કપૂર સાથે મુલાકાત કરી હતી. શરદ કપૂર સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા છે અને તાજેતરમાં જ સ્વાસ્થ્ય તેમ જ આર્થિક મુશ્કેલીઓને કારણે પોતાના શ્વાનને એક શેલ્ટર હોમમાં મૂકી આવવાના અહેવાલોને પગલે ચર્ચામાં આવ્યા હતા. મુંબઈમાં બંને અભિનેતાઓની મુલાકાતની ઘણી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. અભિનેતાની નજીકના એક સૂત્રએ પુષ્ટિ કરી છે કે, સૂદે માત્ર કપૂરની મુલાકાત જ લીધી નથી, પરંતુ તેમની સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે લડવામાં મદદ કરવા માટે તબીબી સહાય પૂરી પાડવાની પણ ઓફર કરી છે. શરદ કપૂરે કહ્યું હતું કે, "સોશિયલ મીડિયા પર તેમની પોસ્ટ બાદ બચ્ચન સાહેબ (અમિતાભ બચ્ચન), સલમાન ખાન અને સોનુ સૂદ સહિત ઇન્ડસ્ટ્રીના ઘણા લોકોએ તેમનો સંપર્ક કર્યો હતો."

અમિતાભ-અભિષેક બચ્ચનને ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોનની ધમકી



મુંબઈ, તા. 16: હિન્દી સિનેમાના મહાનાયક અમિતાભ બચ્ચન અને તેમના પુત્ર અભિનેતા અભિષેક બચ્ચનને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોને તેમને કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકી આપી છે. ગેંગસ્ટરે એવો પણ દાવો કર્યો છે કે, અમિતાભ બચ્ચનને ધમકાવવાના આરોપમાં દિલ્હી પોલીસે જે બે લોકોની ધરપકડ કરી છે તે તેના જ સહયોગી હતા અને તેમની ધરપકડથી તેની યોજના પર કોઈ અસર પડી નથી. અહેવાલ મુજબ, ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોને દાવો કર્યો છે કે, દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે મુંબઈમાં તેના સહયોગીઓ વિકાસ ઠાકુર અને દીપક સિંહની ધરપકડ કરી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા તેણે શીખ સમુદાય વિરુદ્ધ બોલનારાઓને ધમકી આપી છે. આ ઉપરાંત, તેણે અભિનેતા અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચનને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી છે.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,24,260/-
18 KT 1,01,630/- 14 KT 79,270/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

જિલ્લો નવસારી, તાલુકો વાસદા મોજે ગામ આંબાબારી ગામના બ્લોક/સર્વે નં.૧૨૭, (જુનો બ્લોક/સર્વે નં.૭૪/પૈકી-૧) વાળી બિનખેતીની જમીન અંગે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેર ચેતવણીનો જાહેર જવાબ તથા ખુલાસો

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, જિલ્લો નવસારી, તાલુકો વાસદા મોજે ગામ આંબાબારી ગામના બ્લોક/સર્વે નં.૧૨૭, (જુનો બ્લોક/સર્વે નં.૭૪/પૈકી-૧) વાળી બિનખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ ૬૮૭૦૦ ચો.મી. છે. તે જમીન માલિકો પૈકી અશ્વિનભાઈ દુર્લભજીભાઈ પરમારનાએ તેમના એડવોકેટશ્રી સાગર એસ. હપાણી મારફત "સંદેશ" દૈનિક વર્તમાનપત્રમાં તા.૧૪/૧૧/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરાવેલ જાહેર ચેતવણી જાહેર જનતાને ગેરમાર્ગે દોરાવનારી અને સત્યથી વેગળી છે કારણ કે, સદરહું જમીન (૧) અશ્વિનભાઈ દુર્લભજીભાઈ પરમાર (૨) વંદનાબેન અશ્વિનભાઈ પરમાર (૩) મૌલિકભાઈ દુર્લભજીભાઈ પરમાર (૪) મનુબેન ઈશ્વરભાઈ પટેલ અને (૫) વર્ષા શૈલેષ પટેલનાઓના સદર જમીનના ગામ નમુના નં.૭/૧૨ મુજબ માલીકો તરીકે ચાલી આવેલ છે. વધુમાં, ઉપરોકત જમીન માલીકો વચ્ચે સદર જમીન ખરીદ કરતી વખતે અંદરો અંદર તા.૦૩/૦૭/૨૦૧૭ નારોજ ભાગીદારી બાબતનો અરસ પરસપર સમજુતી કરાર કરવામાં આવેલ હતો. અને તે સમજુતીના કરાર મુજબ સદર જમીનમાં અમારા અસીલનો ૨૦% હિસ્સો નકકી કરવામાં આવેલ હતો અને તે કરારમાં તમામ જમીન માલીકોએ પોતાની સંપુર્ણ સાવધ અવસ્થામાં સહી મતા કરેલ હતા અને તે જ દીવસે સદર જમીનનો વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ હતો અને તે વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ કુલ વેચાણ અવેજની ૨૦% વેચાણ અવેજની રકમ અમારા અસીલે ચેકથી ચુકવી આપેલ હતી. તેમજ સદરહું જમીન અંગે કલમ ૩૨(ક) મુજબ ભરવાપાત્ર ખુટતી સ્ટેમ્પ ડયુટીની રકમ પણ અમારા અસીલે ભરપાઈ કરેલ છે તેમજ સદર જમીન ડેવલોપ કરવા માટે અમારા અસીલે પણ ફાળે પડતો ખર્ચ આપેલ છે. તદઉપરાંત અમારા અસીલના સદરહું જમીનના ચાલી આવેલ હકક અને અધિકારની રૂએ અમારા અસીલે તેઓના ૨૦% હકક હિસ્સાની જમીન ખરીદ કરવાની અશ્વિનભાઈ દુલર્ભભાઈ પરમારને ઓફર કરવા છતા તે બાબતે અશ્વિનભાઈ દુલર્ભભાઈ પરમારે કયારેય પણ સદર જમીન ખરીદ કરવા તૈયારી કે રાજીખુશી બતાવેલ નથી જેથી અમારા અસીલે સદર જમીનના હાલના માલીકો પૈકી એક માલીકને પ્રથમ અગ્રહકક આપી અમારા અસીલે તેઓના ચાલી આવેલ વણ વહેંચાયેલ ૨૦% હકક હિસ્સાની જમીન વેચાણ કરવાનું નકકી કરેલ છે અને તે હકીકતમાં અમારા અસીલે તેમ કરવામાં કોઈ છેતરપીડી કરેલ નથી. આમ સદરહું જમીનમાં અમારા અસીલનો કાયદેસરનો ૨૦% હકક હિસ્સો રેકર્ડ આધારીત છે અને અમારા અસીલને તેઓના ૨૦% હિસ્સાની જમીન વેચાણ કરવાનો સંપુર્ણ હકક અને અધિકાર છે. પરંતુ હાલમાં અમારા અસીલના ભાઈ અશ્વિનભાઈ દુલર્ભભાઈ પરમારે અમારા અસીલને ધંધાકીય હિસાબની રકમ આપવી ન પડે તેવી બદદાનતથી અમારા અસીલને હેરાન પરેશાન કરવા હાલની ખોટી જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ છે. તે હકીકતમાં સદરહુ જાહેર ચેતવણીથી કોઈ વ્યકિત, સંસ્થા કે ઈસમે ગેરમાર્ગે દોરાવવું નહી. જેની આથી જાહેરે જનતા તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

મારી સુચના અને ફરમાઈસ અન્વયેઃ-
મૌલિકભાઈ દુલર્ભજીભાઈ પરમાર

હિમાંશુ એસ. નાયક
તે મૌલિકભાઈ દુર્લભજીભાઈ પરમાર ના એડવોકેટ
8, KALPANA SOC, GREED ROAD, KABILPORE, NAVSARI 396445

